# કચ્છના અબડાસામાં ૧૩ ઈંચ વરસાદ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં મેઘરાજાએ આજે પણ તેમની મહેર ચાલુ રાખી હતી. આજે કચ્છના અબડાસામાં આભ ફાટયુ હોય એમ ૧૩ ઈંચ જેટલો અતિભારે વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બીજીબાજુ, સૌરાષ્ટ્ર પંથકમાં ગઈકાલ કરતાં વરસાદનું જોર ઓછું થતાં તંત્ર સહિત સ્થાનિક પ્રજાજનોએ કંઈક અંશે રાહતની લાગણી અનુભવી હતી. આજે રાજયના મોટાભાગના તમામ તાલુકાઓમાં સારો એવો વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વરસાદ કચ્છના અબડાસામાં ૧૩ ઈંચ જેટલો અતિભારે વરસાદ નોંધાયો હતો. તો સુરેન્દ્રનગર જિલ્લાના દસાડામાં દસ ઈંચથી વધુ, ધ્રાંગધ્રામાં સાત ઈંચ, ચોટીલામાં છ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ જ પ્રકારે જામનગરના જોડિયામાં પણ ૧૦ ઈંચ જેટલો વરસાદ પડયો હતો. આ સિવાય રાજયના ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદના ઝાપટા ચાલુ રહ્યા હતા. ચોટીલા, રાજકોટ, મોરબી, ટંકારા સહિતના પંથકોમાં વરસાદી જોર ઘટતા અને પાણી ઓછુ થતાં હવે ભયંકર વિનાશ અને તારાજીના દ્રશ્યો સામે આવ્યા હતા. ગઈકાલ રાતથી અત્યારસુધીમાં હજારો લોકોનું સ્થળાંતર કરાવવામાં આવ્યુ છે, તો સેંકડો લોકોને જળપ્રલયની સ્થિતિમાંથી બચાવી સલામત સ્થળે ખસેડાયા હતા. ગઈકાલે રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ ઈંચ, ટંકારામાં છ કલાકમાં ૧૭ ઈંચ અને ચોટીલામાં ૧૫ કલાકમાં ૨૪ ઈંચ વરસાદ અને જામનગરમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી. આજે પણ આ પંથકોમાં સમગ્ર દિવસ દરમ્યાન વરસાદ ચાલુ રહ્યો હતો પરંતુ તેનું જોર ઘટયું હતું. આજે આ પંથકોમાં ચારથી છ ઈંચ જેટલો વરસાદ નોંધાતા લોકોએ રાહત અનુભવી હતી. વરસાદી મેઘતાંડવ અને જળપ્રલયની સ્થિતિ બાદ હવે ઠેર-ઠેર તબાહી અને તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે, સામાન્ય માણસથી લઈ ઢોરઢાંખર અને મૂંગા અબોલ પશુઓની હાલત પણ કફોડી અને દયનીય બની રહી છે. રાજયમાં આજે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, પૂર્વ-મધ્ય ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્ર સહિતના લગભગ તમામ પંથકોમાં મેઘરાજાની મહેર જોવા મળી હતી પરંતુ સૌથી વધુ મેઘરાજાનો કહેર કચ્છના અબડાસામાં વર્તાયો હતો. ૨૪ કલાકમાં ૧૩ ઈંચ વરસાદથી અબડાસા અને આસપાસના પંથકો જાણે ટાપુમાં ફેરવાયા હતા, સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જ જોવા મળતી હતી. અબડાસા પંથકના કોઠારા સહિતના અનેક ગામો પાણીમાં ગરાકાવ થઈ ગયા હતા. બીજીબાજુ, રાજકોટ, ચોટીલા, મોરબી, ટંકારા પંથકમાં આજે પણ ચારથી છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. તો, જામનગરના જોડિયામાં દસ ઈંચ અને સુરેન્દ્રનગરના દસાડામાં દસ ઈંચ વરસાદ ખાબકયો હતો. જેને પગલે જામનગર અને સુરેન્દ્રનગર પંથકના વિસ્તારોમાં પણ સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના પોશીનામાં છ ઈંચ વરસાદ નોંધાયો હતો.

## રાજ્યમાં બે દિવસમાં મેઘ તાંડવથી નવના મોત

ગુજરાત રાજયમાં છેલ્લા બે દિવસના વરસાદી મેઘતાંડવ અને જળપ્રલયમાં કુલ નવ વ્યકિતઓના મોત નીપજયા હોવાનું સામે આવ્યું છે, જયારે સરકારી આંકડા મુજબ, વરસાદી પાણીમાં ફસાયેલા બે હજારથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા છે. તો સેંકડો પશુધન પણ આ જળપ્રલયમાં ભોગ બન્યું હોવાનું જાણવા મળે છે. જેમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલુન્દ્રા ગામના એક, બનાસકાંઠાના દાંતીવાડાના ગુંદરી ગામે એક, અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સિસોદરા ગામે એક, રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના જેતકુવા ગામે એક, સુરેન્દ્રનગર જિલ્લાના સાયલાના ધમરાસણ ગામે એક, ગીર-સોમનાથના ઉના તાલુકાના કોલવાણ ગામે એક, દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના લાપરડા ગામે એક, જામનગર જિલ્લાના કોજા ગામે એક અને સુરેન્દ્રનગર જિલ્લામાં એક એમ મળી કુલ નવ વ્યકિતઓના મોત નીપજયા હતા.



સમગ્ર ગુજરાત સહીત બનાસકાંઠા જિલ્લામાં મેઘરાજા મહેરબાન થતા ચારે તરફ હરિયાળીનું વાતાવરણ છવાઈ ગયું છે. ઉપરવાસમાં પડેલ ભારે વરસાદથી સૂકી ભઠ્ઠ પડેલી નદીઓ પણ પાણીથી જીવંત થઈ છે વરસાદની હેલીએ હરિયાળીનું સર્જન કરતા ડુંગરો પણ લીલાછમ નજારાથી સોળે કલાએ ખીલી ઉઠ્યા છે. તો બીજી તરફ વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોમાં હર્ષનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હાલમાં બાલારામ અને વિશ્વેસ્વરની બનાસ નદીમાં વહેતા નીરનો અદભુત નજારો આંખ ઠંડક આપી રહ્યો છે કાશ્મીરી વાતાવરણને યાદ અપવાતો આ કુદરતી નજારો અમીરગઢ નજીક બનાસનદીનો છે. દૂરથી કેમેરામાં કેદ થયેલી આ તસ્વીરમાં એક નજરે તો બરફ જામ્યો હોય એ દ્રશ્યોની અનુભૂતિ થાય છે પરંતુ આ ધીમે ગતિએ વહેતુ નદીમાં પાણીના દ્રશ્યો છે બનાસકાંઠાને કુદરતી સંપત્તિની કોઈ જ કમી નથી. નદીઓમાં વહેતા નીર અને આસપાસના લીલાછમ ધુમ્મ્સથી ઢંકાયેલા ઊંચા ડુંગરોનો અદભુત નજારો જોઈને લોકોને પણ શુકન મળે છે. પ્રવાસીઓ માટે કુદરતી ખોળામાં આનંદ લેવાનો અનોખો સ્થળ એટલે વિશ્વેસર અને બાલારામ કે જ્યાં પરિવાર સાથે દિવસભર આનંદ માણી શકાય છે.

## અંબાજી ભાદરવી પુનમનો મહામેળો ૩૧મી ઓગષ્ટથી આરંભાશે

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે દર વર્ષે યોજાતો ભાદરવી પુનમનો મહામેળો આ વર્ષે તા. ૩૧ ઓગષ્ટથી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. ગત વર્ષે મહામેળામાં ૩૧ લાખથી વધુ યાત્રિકો આવ્યા હતા. મેળાને અનુલક્ષી જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સુદઢ આયોજન કરીને વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. મેળાના આયોજન અને વ્યવસ્થા અંગે પાલનપુર મુકામે બનાસકાંઠા કલેક્ટર કમ અબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. કલેક્ટરે વિવિધ સુવિધાઓ વિશે વિસ્તૃત અને ઝીણવટભરી સમીક્ષા કરી અધિકારીઓને માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. કલેક્ટરે જણાવ્યું કે મેળા પ્રસંગે દૂરદૂરથી લાખો યાત્રીકો માતાજીના દર્શનાર્થે આવે છે ત્યારે યાત્રીકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન કરી પરત ફરે તે માટે સૌ કાળજીપૂર્વક અને સેવાભાવના સાથે કામગીરી કરીએ. બેઠકમાં પીવાના પાણી, વીજળી, આરોગ્ય, એસટી બસ સુવિધા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી, સ્વચ્છતા, રસ્તા રિપેરીંગ, વિસામા કેન્દ્રો, અંબાજી મંદિર પરિસર અને ગબ્બર મુકામે દર્શનાર્થીઓ માટે જરૂરી સુવિધા અંગે વગેરે સહિત વિવિધ વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી વ્યવસ્થા સુદઢ બનાવવા કલેક્ટરે ઉપયોગી માર્ગદર્શન અને સુચના આપી હતી.

## સંસ્કૃત ભારતી દ્વારા અભ્યાસ વર્ગોનું આયોજન

સંસ્કૃત ભારતી, ગાંધીનગર વિભાગ દ્વારા આજ રોજ સંસ્કૃત અનુરાગી તથા કાર્યકર્તા માટે અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૩૫ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ઉદ્‌ઘાટન કાર્યક્રમના અધ્યક્ષ કામધેનુ વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી મદન ગોપાલ ચન્દ્ર વાર્ષ્ણેય હતા. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે સંસ્કૃતથી જ સંસ્કૃતિનું રક્ષણ શક્ય છે અને ભારતને વિશ્વગુરૂ બનાવી શકાય છે તે માટે કાર્યકર્તાઓને પ્રેરણા આપી હતી.

## મેઘરજમાં સોનીની અલ્ટોકારને રીવોલ્વર બતાવી કુષ્ણપુરા કંપા નજીક લૂંટનો નિષ્ફળ પ્રયાસ

મેઘરજ, તા. ૧૬

મોડાસાના ઉમેદપુર (દધાલિયા) ગામના વતની અને મેઘરજ બસસ્ટેન્ડ રોડ પર સોનીની દુકાન ધરાવતા વેપારીની અલ્ટોકારને



શીણાવાડ નજીકથી સ્વીફટકારમાં આવેલા લુંટારૂઓ પીછો કરી કૃષ્ણપુરા કંપાના વળાંકમાં આંતરી રીવોલ્વર બતાવી કાર ઉભી રાખી દંડા વડે કારનો કાચ તોડી વેપારીની આંખોમાં મરચાની ભુકી નાંખી લૂંટના ઈરાદે આવેલા લૂંટારૂઓ લૂંટ ચલાવે તે પહેલા અન્ય વાહનચાલકો આવી જતા એક લેપટોપ અને મોબાઈલ રાખેલી બેગની લૂંટ ચલાવી નિષ્ફળ પ્રયાસ કરી મેઘરજ તરફ ફરાર થઈ ગયા હતા. મોડાસા રૂરલ પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી લુંટારૂ ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. સોનીના ધંધાર્થી પર લુંટારૂઓ ત્રાટકતા જિલ્લામાં ભયનો માહોલ પેદા થયો છે.

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ હોય તેમ લુંટારૂઓ, ચેઈનસ્નેચરો અને ઘરફોડીયા જાણે ખાખી વર્દીની કોઈ બીક જ રહી ના હોય તેમ બેખોફ બની લૂંટની ઘટનાઓને અંજામ આપી રહ્યા છે. મેઘરજ બસ સ્ટેન્ડ રોડ પર ચોકસી ભીખાલાલ ખેમજીભાઈ નામની સોના-ચાંદીના ઘરેણાની દુકાન ધરાવતા અને ઉમેદપુર (દધાલિયા) ગામથી અલ્ટોકારમાં દરરોજ અપડાઉન કરતા ભીખાભાઈ પટેલની કારને અટકાવી લૂંટનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ભીખાભાઈ પટેલ શુક્રવારે સાંજના તેમની સોના-ચાંદીની દુકાન બંધ કરી અલ્ટોકાર (ગાડી નં. જીજે.૯.એજી. ૮૩૬૭)માં મેઘરજમાં અન્ય સોના-ચાંદીની દુકાન ધરાવતા અને મોડાસાના રહીશ નરેશકુમાર સાંકળચંદ સોની અને તેમના પુત્ર કીરીટ અને ભત્રીજો દિલીપભાઈ સાથે ઘર તરફ નીકળ્યા હતા ત્યારે શીણાવાડ નજીકથી નંબર વગરની સ્વીફટ કારમાં



લૂંટારૂઓ અલ્ટોકારનો પીછો કરી કુષ્ણપુરા કંપાના વળાંકમાં અલ્ટોકારની ઓવરટેઈક કરી સ્વીફટ કાર આગળ ઉભી રાખી રીવોલ્વર બતાવી બે લૂંટારૂઓ સ્વીફટ કારમાંથી ઉતરી દંડા વડે કારના કાચ તોડી ભીખાભાઈની આંખોમાં મરચાની ભુંકી નાખતા પાછળ બેઠેલો તેમનો પુત્ર અને ભત્રીજો ગભરાઈ કારનો પાછળનો દરવાજો ખોલી નાસી છુટ્યા હતા તેમના પુત્રના હાથમાં રહેલી લેપટોપ બેગ અને મોબાઈલ નીચે પડી જતા લૂંટારૂઓ દ્વારા લેપટોપ બેગમાં રૂપિયા અને સોના-ચાંદીના દાગીના સમજી ઉઠાવી લીધી હતી. આ દરમિયાન મેઘરજ-મોડાસા રોડ પર અન્ય વાહનો આવી જતા લૂંટારૂઓ પકડાઈ જવાની બીકે સફેદ કલરની કાળા કાચ વાળી નંબર વગરની સ્વીફટ લઈને મેઘરજ તરફ નાસી છૂટ્યા હતા. આ ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા તાબડતોડ ઘટનાસ્થળે ધસી આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ભીખાભાઈ ખેમાભાઈ પટેલ (ઉં.વ.૭૦)ની ફરીયાદના આધારે એક સફેદ કલરની સ્વીફટ કારમાં આવેલા અજાણ્યા ચાર ઈસમો સામે ઈપીકો કલમ ૩૯૨, ૩૪૨, ૪૨૭ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



ધનસુરા ગામમાં કપિરાજના ટોળાનો આતંક ત્રણ લોકોને બચકા ભર્યા એક શખ્શને લોહી લુહાણ કરતા ટાકા લેવા પડ્યા. તમામને ધનસુરા હોસ્પિટલમાં સારવાર અપાઈ.

## જાહેર બાંધકામના કરોડોના કામો બંધ

જીએસટીના કાયદાને લીધે સરકારી ચાલુ કામોમાં થનારી અસર, રોયલ્ટી દર અને પરમીટમાં થયેલ અસહ્ય ભાવ વધારો તથા સરકાર સાથેના પડતર પ્રશ્નોના નિકાલ સંદર્ભે તા. ૧૬ જુલાઈથી ગુજરાત રાજ્યમાં સરકારી કામો કરતા તમામ કોન્ટ્રાક્ટરો અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે. અમારી ઉપરોક્ત માગણીઓના અનુસંધાને ગુજરાત રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર જિલ્લા કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન દ્વારા આપવામાં આવેલ છે. તા. ૧૬ જુલાઈ-૧૭ના રોજ ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોસીએશન દ્વારા આજરોજથી સમગ્ર રાજ્યમાં ચાલતા તમામ સરકારી કામો અચોક્કસ મુદતની હડતાલનુ એલાન કરવામાં આવેલ છે.

## આંશિક સુધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુવાહાટીથી પ્રાપ્ત હેવાલ મુજબ રાજ્યમાં પુરની સ્થિતી હવે ધીમી ગતિથી હળવી બની રહી છે. કુલ ૨૫ જિલ્લા પુરના સકંજામાં આવી ગયા છે.મોતનો આંકડો વધીને ૬૧ ઉપર પહોંચી ગયો છે.એકલા લખીમપુર જિલ્લામાં ત્રણ લાખથી વધારે લોકો પુરના સકંજામાં આવી ગયા છે. તમામ મોટી નદીઓ અને તેમની સહાયક નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર છે. આસામના મુખ્યપ્રધાન સર્વાનંદ સોનોવાલ દ્વારા આજે કહેવામાં આવ્યુ હતુ કે સ્થિતી ખુબ વિકટ છે. તેમણે કહ્યુ છે કે પુરની સ્થિતી પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.



બાયડ ખાતે બે કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવેલ બાયડ ડેપોનું રાજ્ય ના વાહન વ્યવહારમંત્રી વલ્લભ કાકડીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં એસટી બસ સ્ટેશનોનું નવીનીકરણ થઈ રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે બે કરોડના ખર્ચે તૈયાર થયેલ બસ સ્ટેશનનું આજે રાજ્યના વાહન વ્યવહાર મંત્રી વલ્લભ કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું. બાયડ બસસ્ટેશનમાં મુસાફરોને કોઈપણ જાતની તકલીફ ના પડે તેવી તમામ સુવિધાઓ ઉભી કરવામાં અવી છે.

## પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદીઓમાં લશ્કરે તોયબાનો કમાન્ડર બશીર લશ્કરી અને હિઝબુલનો કુખ્યાત ત્રાસવાદી સબ્જાર અહેમદનો સમાવેશ થાય છે. લશ્કરી દક્ષિણ કાશ્મીરમાં છ પોલીસ જવાનની હત્યામાં સામેલ હતો. અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે ૧૨મી જુલાઈ સુધી ૧૦૨ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આની સાથે જ છેલ્લા સાત વર્ષના ગાળામાં સૌથી વધારે ત્રાસવાદીઓ આ ગાળામાં ફુકાયા છે.

## મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થશે. તમામ સાંસદો રાજ્યોને ફાળવવામાં આવેલા ટેબલ મુજબ મતદાન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ઉપ પ્રમુખ રાહુલ ગાંધી ટેબલ નંબર છ ઉપર મતદાન કરશે. કારણ કે તેઓ ઉત્તરપ્રદેશના સાંસદો છે. અધિકારીઓના કહેવા મુજબ છ ટેબલો રાખવામાં આવશે.

## ચોમાસુ સત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણીને લઈને હાલમાં એનડીએ અને યુપીએ આમને સામને રહ્યા હતા. ચીન સાથેની લશ્કરી મડાગાંઠના મુદ્દે સરકારના વલણને વિરોધ પક્ષો ટેકો આપી ચુક્યા છે પરંતુ આ મુદ્દો પણ જોરદારરીતે ચમકે તેવી શક્યતા છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ચાર પાંચ મહિનામાં ત્રાસવાદી હુમલામાં વધારો, અમરનાથ શ્રદ્ધાળુઓ ઉપર ત્રાસવાદી હુમલા, સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા સતત યુદ્ધવિરામના ભંગ, કેટલાક રાજ્યોમાં ખેડૂતોના આપઘાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત કેટલાક રાજ્યોમાં ખેડૂતોના વિરોધ પ્રદર્શન, ખેડૂતોની દુર્દશા, બીફને લઈને વિવાદ સહિતના મુદ્દા છવાયેલા રહે તેવી શક્યતા છે.

## હિંસા નહિ ચલાવાય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવા અપરાધ કરી રહ્યા છે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. આનો રાજકીય લાભ લેવાના પ્રયાસ પણ શરૂ થયા છે પંરતુ આનાથી દેશને કોઈ લાભ થશે નહીં. તમામ રાજકીય પક્ષોને સાથે મળીને આને સમાપ્ત કરવાની દિશામાં વધવું પડશે. દેશમાં આવી ભાવના છે કે, ગૌમાતાની રક્ષા થવી જોઈએ પરંતુ આના માટે કાયદા છે. કાયદાઓને હાથમાં લેવાને કોઈપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. તમામ રાજ્ય સરકારોને આને લઈને કાર્યવાહી કરવી પડશે. અગાઉ મોદી અમદાવાદના સાબરમતી આશ્રમમાં પણ ગૌરક્ષાના નામે થઈ રહેલી હિંસાની નિંદા કરી ચુક્યા છે. બેઠકમાં મોદીએ કહ્યું હતું કે, ભ્રષ્ટાચારની સામે જે લડાઈ છેડાઈ ગઈ છે. તેને જારી રાખવામાં આવશે. તમામ પાર્ટીઓ આમા સહકાર આપે તે જરૂરી છે.

## મતદારોની અરજી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે જોતાં આ અંદાજ લગભગ બમણો થશે તેમ મનાઈ રહ્યું છે.

આજે વરસાદી માહોલ વચ્ચે પણ મતદારોએ નામ નોંધાવવા માટે ભારે ઉત્સુકતા બતાવી હતી. હજુ આ સઘન ઝુંબેશનો એક રવિવાર બાકી છે તેમજ ઝુંબેશમાં નામ નોંધાવવા માટે ૧૦થી પણ વધુ દિવસો બાકી છે. રાજકીય પક્ષો પણ આ ઝુંબેશમાં સક્રિય બનતાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાં આ આખરી તક હોઈ યુવાનો પણ વધુ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

કાયદાની જોગવાઈ મુજબ કેસમાં દિર્ધ દ્રષ્ટીથી ભરણપોષણની રકમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે છે તેમાં પતિની આવક, પતિની આવક ઉપર નભતા વ્યક્તિની જવાબદારી વિગેરે બાબતોને ધ્યાને રાખી આવકના ૧/૩ ભાગ જેટલી અથવા ૧/૨ ભાગ જેટલી રકમ પત્નીને ભરણપોષણ માટે આપવાનો નામદાર કોર્ટ હુકમ કરી શકે છે.

એક વ્યક્તિની પોતાની પ્રાથમિક જરૂરીયાત ઉપરાંત વધારાની અન્ય જરૂરીયાતનો પણ આવા સમયે સ્વાભાવિક રીતે કોર્ટ ધ્યાનમાં લે છે જે રીતે પત્ની અને બાળકો પોતાના ઘરમાં રહેતા હોય અને સગવડો ભોગવતા હોય તેટલી જ સગવડ જરૂર પડતી રકમની ભરણપોષણ માટે કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવતી હોય છે તેમાં પતિની આવકનો અને તેની જવાબદારીનો સંદર્ભ મુખ્યત્વે જોવામાં આવે છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના ચુકાદાને સમર્થન આપતા જણાવ્યું છે કે ચોખ્ખા પગારની ૨૫ ટકા રકમ પત્નીને ભરણપોષણ પેટે આપવાના હુકમો યથાર્થ ઠેરવ્યા છે.

કલ્યાણ દે ચૌધરી વિરૂધ્ધ રીના દે ચૌધરીના કેસમાં સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે પત્નીને આપવામાં આવતી આ રકમ બન્ને પક્ષના દરજ્જા અને ચુકવણીની ક્ષમતા ઉપર આધારિત હોવા જોઈએ આ તમામ બાબત વાસ્તવિકતા ઉપર આધાર રાખે છે. ડાૅ. કુળભુષણ અને રાજકુમારીના કેસમાં પણ નામદાર કોર્ટે પતિની આવકના ૨૫ ટકા રકમ ભરણપોષણ પેટે ચુકવવાનો હુકમ કરેલ છે આ કેસમાં પતિનો પગાર ૭૫૦૦૦/- માસીક હતો તેથી પત્ની અને બાળકોના ભરણપોષણ માટે ૨૩૦૦૦/- કોર્ટે નક્કી કરતા પતિ દ્વારા ઉપરની અદાલતમાં અપીલ કરતા નામદાર કોર્ટે અપીલ રદ કરી અને માત્ર ૩૦૦૦/- ઘટાડી ૨૦૦૦૦/- માસીક રકમ પત્નીને ચુકવવા હુકમ કરેલ.

પત્નીનો દરજ્જો અને આવક પત્નીની ભરણપોષણની રકમ નક્કી કરતા નામદાર કોર્ટ ધ્યાનમાં લે છે તથા આવકની સાથે જવાબદારીનું પણ ધ્યાન રાખે છે પત્ની અને બાળકો પોતે જે સુખ સગવડમાં રહેતા હોય તે રીતે રાખવાની પતિની પવિત્ર ફરજ છે અને આ ફરજમાં ચુક કરે તો પત્ની બાળકો કોર્ટના દ્વાર ખખડાવી પોતાના ભરણપોષણની રકમ મેળવી શકે છે.

રૂઢીગત માનસ ધરાવતા મા બાપ પુત્રીને પુરતુ શિક્ષણ આપતા નથી અને પરણાવી પોતાની જવાબદારી પૂરી કરતા નિરાંતનો શ્વાસ લે છે પરંતુ આવી દિકરી જયારે સાસરીમાં એડજસ્ટ ના થતા પતિ દ્વારા કે સાસરીયા દ્વાર ત્રાસ અપાતા પીયર આવે તો લાચારી અનુભવે છે પોતે પૂરતુ શિક્ષણ મેળવેલ ના હોય કમાવી શકવા અક્ષમ્ય હોય ખૂબ જ લાચારી અનુભવે છે અને પોતે માતા પિતા ઉપર બોજ છે તેવું માની લે છે પરંતુ કાયદામાં પરણિત સ્ત્રી પોતાની સ્વેચ્છાએ પણ પતિના ઘરનો ત્યાગ કરેલ હોય અને પોતાનું તથા બાળકનું ભરણપોષણ કરવા સક્ષમ ના હોય તો નામદાર કોર્ટ દ્વારા ભરણપોષણ મેળવી શકે છે. પુત્રીને પૂરતુ શિક્ષણ કે સમાજમાં પગ ઉપર ઉભા રાખવાની તકો હજુ પણ રૂઢીગત માનસ ધરાવતા કુટુંબોમાં આપવામાં આવતી નથી પરિણામે લગ્ન બાદ સારસીમાં ના રહેતી દિકરી પોતે મા બાપ ઉપર બોજ ના સમજી પતિ દ્વારા ભરણપોષણ આપવાના નામદાર કોર્ટ દ્વારા ચોક્કસ માપ દંડ નક્કી કરવામાં આવ્યા છે અને આ માપ દંડના આધારે જ કોર્ટ દ્વારા સ્ત્રીને ભરણપોષણ આપવાનું ઠરાવવામાં આવે છે.

આમ સમાજની રૂઢીગત પ્રણાલીથી દૂર એક સ્ત્રીને સારી રીતે જીવન ગુજારવાના પ્રયાસ રૂપે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પણ નીચલી કોર્ટે ઠરાવેલ ભરણપોષણના ચુકદાને સમર્થન આપવામાં આવે છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

નેતાગીરી વડા પ્રધાનને ગોરક્ષા કાનૂન બનાવીને સમગ્ર દેશમાં તેનો કડકાઈથી અમલ કરવાનો આગ્રહ કરી રહ્યા છે. વિહિપના પ્રવક્તા વિનોદ બંસલે જણાવ્યું હતું કે આપણા વડા પ્રધાન વારતહેવારે મહાત્મા ગાંધી અને આચાર્ય વિનોબા ભાવેનું નામ લેતા રહે છે. આ બન્ને મહાનુભાવો ગોરક્ષા માટે કડક કાનૂન બનાવવાના સમર્થક હતા. એટલે અમે, અનુરોધ કરીએ છીએ કે વડા પ્રધાન ગોવંશ રક્ષા માટે કડક કાયદો બનાવીને એનો કડકાઈથી અમલ કરાવે તો જ એમની વાતોનો મતલબ છે.વડા પ્રધાને અમદાવાદના ગાંધી આશ્રમમાં ગોરક્ષાના નામે હિંસાને સહન નહીં કરવામાં આવે, એવા કરેલા નિવેદનના પ્રત્યાઘાતરૂપે બંસલે કહ્યું હતું : 'ગોરક્ષકો તો ગાયના રક્ષકો છે. તેઓ હત્યારા કઈ રીતે બની શકે? હત્યારા કાંઈ રક્ષક ના જ હોઈ શકે?' વિહિંપ થકી સરકારી તંત્ર પર દોષારોપણ કરવામાં આવી રહ્યું છે કે સરકારી તંત્ર ગોરક્ષાની બાબતમાં સદંતર નિષ્ફળ ગયું છે.

આગામી બે વર્ષમાં અયોધ્યામાં ભવ્ય રામમંદિરનું નિર્માણ પૂરું કરવામાં આવશે, એવા સંકલ્પ સાથે શ્રીરામ ભક્તો અને વિહિંપ આગળ વધી રહ્યાનું લાગે છે. રામમંદિર નિર્માણ સંદર્ભે અયોધ્યા ભૂમિ વિવાદ હજુ સુપ્રીમ કૉર્ટમાં વિચારાધીન હોવા છતાં સ્પષ્ટ બહુમતવાળી ભાજપ સરકાર કેન્દ્ર અને ઉત્તર પ્રદેશમાં સ્થાપિત થયા પછી ખાસ કાયદાકીય જોગવાઈ કરીને પણ અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટે મોકળાશ કરી આપવાનો આગ્રહ થઈ રહ્યો છે.

વિહિંપ રામ જન્મભૂમિ ન્યાસ અને સંતો થકી રામમંદિર નિર્માણની કામગીરીને આગળ વધારવાની બાબતમાં આશા-અપેક્ષાની પૂર્તિ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થશે, એવું મનાઈ રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં ગોરખપુર પીઠના મહંત અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ રામમંદિર નિર્માણના સમર્થક રહ્યા છે. અગાઉ ઉત્તર પ્રદેશની અખિલેશ સરકારે રામમંદિર નિર્માણમાં સહયોગ કર્યો નહોતો, પણ હવે યોગી સરકાર આવતાં મંદિર નિર્માણ માટે કોતરકામ માટે લાલ પથ્થરના ટ્રક છૂટથી અયોધ્યામાં આવી રહ્યા છે. રામમંદિર બનાવવાની ઉજળી શક્યતા છે.

- haridesai@gmail.com


## નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

એ-વીંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, પથિકાશ્રમની પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર

**અનુસૂચિત જાતિના ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય**

માર્ચ-૨૦૧૭માં ધોરણ-૧૦ની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને પાસ થનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ ગુણવત્તા પ્રોત્સાહક સહાય નીચેની શરતોને આધિન આપવામાં આવશે. આ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી એક માસ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. માર્ચ-૨૦૧૭માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયલ ધોરણ-૧૦ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ૭૦% કે તેથી વધુ ગુણ મેળવી પાસ થનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અને ધોરણ-૧૨માં સહાય આપવામાં આવશે.

૨. વિજ્ઞાન પ્રવાહમાં વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦/- સુધી કૌટુંબિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને નીચ મુજબ ટ્યુશન સહાય આપવામાં આવશે.

| ધોરણ | વિજ્ઞાન પ્રવાહ |
|---|---|
| ૧૧ | રૂ. ૧૫,૦૦૦/- સુધીની માર્યાદામાં |
| ૧૨ | રૂ. ૧૫,૦૦૦/- સુધીની માર્યાદામાં |

૩. જેમને ધોરણ-૧૧માં સહાય મળેલ હોય તેઓને જ ધોરણ-૧૨માં ટ્યુશન સહાય આપવામાં આવશે.

૪. ૭૦%થી ઓછા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓની અરજી દફતરે કરવામાં આવશે. (પર્સનટાઈલ ધ્યાને લેવામાં આવશે નહીં.)

૫. નિયત અરજી પત્રકો વિના મૂલ્યે કચેરી સમય દરમિયાન મળી રહેશે.

૬. સંપૂર્ણ ભરેલા અરજીપત્રકો સાધનિક કાગળો સાથે અત્રેની કચેરીને જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી એક માસમાં મોકલી આપવાના રહેશે.

૭. નિયત સમય મર્યાદા બહાર મળેલ અરજીઓ દફતરે કરવામાં આવશે.

નોંધ : આ યોજનાની વધુ જાણકારી માટે અત્રેની કચેરીનો સંપર્ક સાધવો.

(નયના શ્રીમાળી)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જિ. ગાંધીનગર

માહિતી/૧૦૭૧/૧૭-૧૮